ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૦૩-૦૪ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૩-૦૧-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂ. ૪.૦૦ ● પાના : ૪

### આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા સંચાલિત દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડ, ખાતે સ્વામી સત્યપતિજીની અધ્યક્ષતામાં

# બ્રહ્મચારી આચાર્ય સુમેરૂપ્રસાદજીનો સન્યાસગ્રહણ સમારોહ યોજાયો

દર્શનયોગ મહા વિદ્યાલયના અનેક બ્રહ્મચારીઓએ સન્યાસ આશ્રમમાં પ્રવેશ કર્યો છે. તાજેતરમાં જ દર્શનયોગ મહાવિદ્યાલયના વધુ એક બ્રહ્મચારી આચાર્યશ્રી સુમેરુપ્રસાદજી દ્વારા સન્યાસની દિક્ષા લેવામાં આવી છે. આચાર્ય સુમેરુપ્રસાદજી હવેથી સ્વામી બ્રહ્મવિદાનંદ સરસ્વતીના નવા નામથી ઓળખાશે. વિદ્યાલયના અન્ય બ્રહ્મચારીઓ પણ વૈદિક સન્યાસીની આ યાદીમાં જોડાવવા માટેની તૈયારીઓ કરી રહ્યા છે. આચાર્ય સુમેરુપ્રસાદજીએ સન્યાસ આશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં દોઢ વર્ષ સુધી મૌન વ્રતનું પાલન કર્યું હતું.




સન્યાસ દિક્ષા સમારોહ સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ સમારોહમાં દર્શનયોગ મહાવિદ્યાલયના બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થ સાધક આશ્રમના બ્રહ્મચારીઓ, આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના પદાધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં વૈદિક ધર્મપ્રેમીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી કમલેશકુમાર શાસ્ત્રી કે જેમના દ્વારા આ વિધી કરવામાં આવી હતી તેમણે સન્યાસ આશ્રમ સંસ્કારમાં અભય દાન સંદર્ભે જણાવ્યું હતું કે, સન્યાસીએ અન્ય લોકોને ભયરહિત અન્ય લોકોને પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપવો જોઈએ. અને આ પરંપરા આપણાં દેશમાં હજારો સન્યાસીઓ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવી છે.

પંડિત ભાવપ્રકાશજી એ કહ્યું હતું કે માનવ જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે અને તેની પ્રાપ્તિ માટે આપણે સન્યાસની દિક્ષા લેવી જરૂરી છે. સન્યાસની દિક્ષા લેનારે સંસ્કૃતિની રક્ષા કરવા સાથે પોતાના આધ્યાત્મિક જ્ઞાન દ્વારા ઈશ્વર અને આત્મા સંબંધી જ્ઞાનથી લોકોને માહિતગાર કરવા જોઈએ.

વૈદિક સંસ્થાન ઓઢવના શ્રી પ્રફુલભાઈ વોરાએ વિદ્યાલયના બ્રહ્મચારીઓ, સન્યાસીઓને કે જેઓ ગૃહસ્થીઓ ઉપર નિર્ભર છે તેમને વધારે સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

ગાંધીનગરના પ્રખર વૈદિક પ્રવક્તા શ્રી અવધેશપ્રસાદ પાંડેયજીએ પોતાના અનુભવને યાદ કરતાં કહ્યું હતું કે, તેઓ ૨૦ વર્ષ પહેલાં પ્રથમ વખત ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર સમયે સ્વામી સત્યપતિજીને દર્શનયોગ મહાવિદ્યાલય ખાતે મળ્યા હતા. અને તેઓ તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનને જન-જન સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. અને આજે પણ તેઓ આ કાર્ય કરી રહ્યા છે. તેમણે વધુને વધુ બ્રહ્મચારીઓ સ્વામી બ્રહ્મવિદાનંદજીના સાનિધ્યમાં સન્યાસની દિક્ષા લઈ મનુષ્યોના જીવનધોરણને ઉંચું લઈ જવામાં પોતાનું યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ રોજડના સેક્રેટરી શ્રી જશવંતભાઈ પોકારે આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી દર્શનયોગ મહાવિદ્યાલયના વિકાસની માહિતી લોકો સમક્ષ મૂકી હતી અને સન્યાસની દિક્ષા લઈ રહેલા સ્વામી બ્રહ્મવિદાનંદજીને અભિનંદન પાઠવ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે તેઓ વૈદિક જ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પોતાનું મહત્તમ યોગદાન આપશે.

બ્રહ્મચારી શ્રુતિધરજીએ સ્વામી બ્રહ્મવિદાનંદજી સરસ્વતીજી વિશે જણાવ્યું હતું કે તેમણે સન્યાસ આશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં પોતાની જાતને તૈયાર કરી છે અને પોતાની જવાબદારીઓ પણ પૂરી કરી છે.

સ્વામી વેદાપતિજીએ ઈશ્વરેષણા વિશે સમજાવ્યું હતું.

આચાર્ય સત્યજીતજીએ જણાવ્યું હતું કે, સન્યાસ આશ્રમ સંસ્કાર એ છેલ્લો સંસ્કાર છે. સન્યાસી દૂનિયા માટે જીવે છે અને લોકોને અધ્યાત્મનું જ્ઞાન પીરસે છે.

સ્વામી ધ્રુવદેવજીએ કહ્યું હતું કે દરેક વ્યક્તિએ પોતાની ફરજો અને જવાબદારીઓ આશ્રમ વ્યવસ્થા અનુસાર નિભાવવી જોઈએ. અને તેના દ્વારા જ આપણે અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધી શકીશું આપણે એ સતત ધ્યાનમાં રાખવું જોઈએ કે ઈશ્વર આપણને સતત જોઈ રહ્યો છે સાંભળી રહ્યો છે.

સ્વામી આસુતોષજીએ પોતાના વિચાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આપણે અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ પ્રકારના કાર્યક્રમોને કારણે આપણી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થાય છે.

પોતાના ટેલિફોનિક સંદેશામાં સ્વામી વિવેકાનંદજીએ સ્વામી બ્રહ્મવિદાનંદજીની વૈદિક પરંપરા પ્રત્યેના કમિટમેન્ટ અને પાર્ટીસીપેશનના વખાણ કરતાં કહ્યું હતું કે, હવે તેઓ ઉચ્ચ વૈરાગ્ય પ્રાપ્ત કરવા આત્મ ચિંતન કરે અને સમાજની વધુ સારી સેવા કરે તેવી શુભકાના પણ તેમણે પાઠવી હતી.

સ્વામી બ્રહ્મવિદાનંદજીએ આ પ્રસંગે બોલતા કહ્યું હતું કે, આ એ કોઈ વાર્તા નથી કે તેના લેખક દ્વારા તેમાં પુર્ણવિરામ મુકાઈ જાય. અધ્યાત્મના ઉચ્ચ શિખરે પહોંચવા માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેમણે કહ્યું હતું કે સન્યાસીએ સન્યાસી તરીકેની ફરજો અદા કરતાં કરતાં સમાધીની અવસ્થા સુધી પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે આ સ્થિતિ પર પહોંચવા બદલ ઈશ્વરનો આભાર માન્યો હતો. આ ઉપરાંત તેમણે તમામ સહયોગીઓનો પણ આભાર માન્યો હતો.



પોતાના આશીર્વચન આપતાં સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીએ જણાવ્યું હતું કે આપણે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને દરરોજ સ્વાધ્યાય કરવો જોઈએ કારણ કે ક્યારે મૃત્યું આવી જાય તેની કોઈને ખબર હોતી નથી તેથી આપણે સમયનો સદઉપયોગ કરવો જોઈએ. તેમણે દરરોજ ઈશ્વરની ઉપાસના કરવા માટે પણ પ્રેરણા આપી હતી. તેમણે આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે, માનસિક અને શારીરિક રીતે મજબુત બનીને આપણે અધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધીને અંતે મોક્ષ પ્રાપ્તિ તરફ આગળ વધવું જોઈએ.

અંતે દર્શનયોગ મહાવિદ્યાલયના બ્રહ્મચારી શ્રી દિનેશકુમારે સૌનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સ્વામી બ્રહ્મવિદાનંદજીનો આ સન્યાસ દિક્ષા સમારંભ એ દર્શનયોગ મહાવિદ્યાલય માટે એક ટર્નીંગ પોઈન્ટ સાબિત થશે. વિદ્યાલયમાં અભ્યાસ કરતાં અને ભવિષ્યમાં વિદ્યાલયમાં પ્રવેશ મેળવનાર માટે આ સમારંભ એ પ્રેરણાદાયી બનશે.

### ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા

# અક્ષરધામ સ્થિત આર્ષ સંશોધન કેન્દ્રને ગુજરાતી ભાષાના વેદોનો સેટ અર્પણ કરાયો

આણંદ

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદના મંત્રી આર્કિ. શ્રી અશોક ડી. પટેલની એક ઈચ્છા હતી કે ગાંધીનગર સ્થિત અક્ષરધામ ખાતે ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ તમામ વેદ ઉપલબ્ધ હોવા જોઈએ. આ માટે તેમણે ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા સંચાલિત આર્યવીર દળના પ્રેરક તથા માર્ગદર્શક શ્રી અરવિંદભાઈ રાણાનો સંપર્ક કર્યો. અગાઉ યજુર્વેદ તથા ઋગ્વેદ ભાગ - ૧ વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા અક્ષરધામને ભેટ આપવામાં આવેલ હતો. ત્યાર બાદ છપાયેલ ઋગ્વેદ ભાગ ૨ અને ૩ તથા સામવેદના ગ્રંથોને અર્પણ કરવાનું નક્કી થયું.



ગત તા. ૧૪મી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણના દિવસે અક્ષરધામના દાર્શનિક વિદ્વાન સન્યાસી સ્વામી શ્રુતિપ્રકાશજીને વેદના ગ્રંથો અર્પણ કરવામાં આવ્યા.

અગ્નિપથના તંત્રી તથા સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્‌ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાની સાથે ગાંધીનગરના વૈદિકધર્મી શ્રી લક્ષ્મણભાઈ પારસિયા, શ્રી બળદેવભાઈ આર. પટેલ, શ્રી નરશીભાઈ પટેલ તથા અગ્નિપથના મેનેજીંગ તંત્રી શ્રી હરીશભાઈ રાણા ગ્રંથ એનાયત કરવા ગયા હતા.

આ પ્રસંગે સ્વામી શ્રુતિ પ્રકાશજીએ વેદોની પ્રસંશા કરતાં કહ્યું હતું કે, સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા તાજેતરમાં જ વેદોના વિવિધ વિદ્વાનોના ભાષ્યોનું તુલનાત્મક અધ્યયન કરવાનું કામ ચાલી રહ્યું છે. આ માટે અમે આર્યસમાજની વિવિધ ગુરુકુલોનો પણ સંપર્ક કર્યો છે. વિશ્વ પ્રસિદ્ધ ગુરુકુલ કાંગડીની રૂબરૂ મુલાકાત લઈ વેદો ઉપર વિશેષ અધ્યયન કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ચર્ચા દરમ્યાન સ્વામીજીએ વૈદિક વિદ્વાનો દ્વારા દર્શન શાસ્ત્રોના રહસ્યો ખોલવા કરેલ પુરુષાર્થની ભરપુર પ્રસંશા કરી હતી.

### आर्यजगत में एक अनूठी, दुर्लभ व अलौकिक घटना की पुनरावृत्ति

# दिवंगत् श्रीमती ब्रजलता आर्य के देह–दानने महर्षि दधीचि का स्मरण कराया

आर्यसमाज के सर्वोच्च संगठन 'सार्वदेशिक आर्य प्रतिनिधि सभा' के उपप्रधान एवं गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा के प्रधान श्री सुरेशचंद्र आर्य की धर्मपत्नि श्रीमती ब्रजलता आर्य का ता. ८/ ०१/२०१४ को अहमदाबाद में दु:खद निधन हो गया। उन्होंने अपने पूज्य ससुरजी स्व. श्री बंसीधरजी अग्रवाल के पद चिन्हो का अनुसरण करते हुए मरणोपरान्त चक्षुदान एवं देह–दान की इच्छा व्यक्त की थी । तदनुसार श्रीमती ब्रजलता आर्य के पार्थिव शरीर को ९/ ०१/२०१४ को सम्पूर्ण वैदिक अनुष्ठान के पश्चात् अहमदाबाद के सिविल होस्पीटल के मेडीकल कोलेज को शोधकार्य हेतु ससम्मान अर्पित कर दिया गया।



सम्पन्न परिवार की एक नारी द्वारा मरणोपरान्त किये जाने वाले इस उत्सर्ग से सम्पूर्ण आर्यजगत में एक अद्‌भूत प्रेरणा का संचार हुआ है। दिवंगत् श्रीमती ब्रजलता आर्य के देह–दान के समाचार पाकर न केवल भारत के अपितु अमेरिका, केनेडा, होलैनड, ईंगलेन्ड आदि अनेक देशों के आर्यजन हतप्रभ है और इस अनूठे कार्य के लिए नतमस्तक है । श्रीमती ब्रजलता अत्यन्त मुदुभाषी, दानशील, ममतामयी एवं करुणामयी आर्य महिला थी। एक आदर्श अर्धांगिनी के रुप में उन्होंने अपने कर्तव्यों का आजीवन पालन किया । उन्होंने महर्षि के कार्यो के प्रचार–प्रसार में जीवन पर्यन्त अपने पति का साथ दिया। वे जीवन भर आर्यसमाज से जुडी रहीं । शारीरिक कष्ट एवं असुविधा महसूस करते हुए भी सामाजिक कार्यो के लिये उन्होंने अपने पति को सदैव मुक्त रखा।

किसी भी व्यक्ति के उदार एवं महान कार्यो के पीछे सदैव उसकी सहधर्मिणी की मूक तपस्या होती है। वे केवल अपने पति श्री सुरेशचंद्र आर्य की प्रेरणा बनी अपितु उन्होंने स्वयं भी संगठन एवं आर्यसमाज के प्रचार–प्रसार में सहयोग के लिये दिल्ली सहित विदेशों में भी आयोजित होने वाले अन्तर्राष्ट्रीय आर्य महासम्मेलनों आदि में भाग लेकर भारत का एवं गुजरात प्रान्त का प्रतिनिधित्व किया । वे हंमेशा सभी धार्मिक एवं सामाजिक कार्यो में उत्साहपूर्वक भाग लेकर सक्रिय रहती थी । जीवनभर परोपकार एवं सेवा कार्यो में समर्पित उनका सरल व्यक्तित्व सदैव सभी के लिए प्रेरणा–स्त्रोत बना रहेगा।

प्रभु के प्रति अनन्य श्रद्धा रखते हुए एक आदर्श एवं करुणामयी नारी के रुप में उन्होंने अपने परिवार को किस प्रकार संस्कारित एवं पोषित किया इसका ज्वलंत उदाहरण उनकी मेधावी एवं सुशील पुत्रवधु श्रीमती जया आर्य के निम्नलिखित विचारों से एवं उनकी काव्य रचना से स्पष्ट झलकता है।

'मां से भी अधिक ममता प्रदान करने वाली मेरी सासुजी दिवंगत् श्रीमती ब्रजलताजी आर्य एक सच्ची पूण्यात्मा थी । ईश्वर पग–पग पर उनकी अग्नि–परीक्षा लेते रहे। वह साहस के साथ डटी रही । छोटी सी उम्र में विवाह हुआ। एक बडा सारा परिवार मिला जिसमें जिम्मेदारियों का अन्त ना था। परन्तु उन्होंने बखूबी न सिर्फ उनको निभाया बल्कि पूरे परिवार का दिल भी जीत लिया। पन्द्रह वर्ष तक वे असाध्य बीमारी से लडती रहीं मगर ईच्छा शक्ति कमजोर नहीं होने दिया। चेहरे पर अन्तिम समय तक उन्होंने अपनी सौम्य मुस्कान बनाये रखी। हमारी आंखे उनकी स्नेहमयी एवं उदारमयी छवि को देखने के लिये सदैव तरसती रहेंगी। वे सहजता की, ममता की, सहिष्णुता की, धीरज की एवं सरलता की साक्षात मूर्ति थीं। कितने ही दिव्य गुणों से सजा हुआ था उनका व्यक्तित्व । बहुत बडी–बडी बातें नहीं, बहुत बडे–बडे वादे नहीं बल्कि जीवन के छोटे–छोटे कार्यो को ही सहजता, सरलता व प्रेम से करना उनकी खासियत थी । जितने भी लोग उनके सम्पर्क में आते वे उनकी सहज मुस्कान और सरल व्यक्तित्व से प्रभावित हूए बिना न रहते थे और वे जितने भी लोगों के सम्पर्क में आती थी, सभी के लिये मदद करने की इच्छा व ममता उनके अन्तर में समाहित रहती थी । ऐसी दिवात्मा सभी पुत्रवधुंओं को प्राप्त हो, ऐसी प्रभु से कामना करती हुई पूज्या मां के चरणो में निम्न भाव–प्रसुन अर्पित कर रही हुं '–

एक एक फूल परोया तुमने,
बडे जतन से बडे यतन से,
बनाई सुन्दर जीवन–माल,
तुमको प्रणाम, तुमको प्रणाम ।
जीवन धूप में जब त्रस्त होते,
तब–तब स्नेह छाया दी तुमने,
बनकर एक तरुवर विशाल,
तुमको प्रणाम, तुमको प्रणाम ।
तन का सुख न होने पर भी,
बन कर सजग प्रहरी तुम,
करती रहीं सबकी देखभाल,
तुमको प्रणाम, तुमको प्रणाम ।
कटु वचनों से तुम दूर सदा,
प्रम मधुरता, शीतलता, अपनापन
वाणी में तुमने रखा संभाल,
तुमको प्रणाम, तुमको प्रणाम ।
( जया आर्य )

धन्य हे वो मा जिसकी पुत्रवधू के ये उद्‌गार एक उत्कृष्ट परिवार के उच्च वैदिक संस्कारों को उजागर करते है। इस परिवार ने शोकग्रस्त होते हुए भी पूज्य माताजी का नेत्रदान और देहदान करके समाज के लिए जो प्रशंसनीय और अनुकरणीय कदम लिया है उसके लिये हम उन्हें नमन करते हैं। परमपिता परमात्मा से प्रार्थना है कि दिवंगत् श्रीमती ब्रजलताजी आर्य के परिवार में पूर्व से ही विद्यमान धार्मिक विचारों को और भी अधिक द्रढता प्रदान करें तथा दिवंगत आत्मा को अपनी ममतामय गो में स्थान प्रदान करें एवं सम्पूर्ण परिवार को इस दारुण दु:ख को सहन करने की क्षमता प्रदान करें । इस दिवंगत् पुण्यात्मा की स्मृति न केवल इस परिवार में कपितु पूरे आर्यजगत में स्थायी रहे, ऐसी कामनाओं के साथ अग्निपथ परिवार अपनी हार्दिक संवेदना प्रगट करतां है।

અગ્નિપથ(સાપ્તાહિક)

અવેક્ષેત ગતીર્નૃણાં કર્મદોષસમુદ્ભવાઃ ।
નિરયે ચૈવ પતનં યાતનાશ્ચ યમક્ષયે ॥

મનુસ્મૃતિ ૬૧(૩૧)

કર્મોના દોષથી મનુષ્યોની થનારી કષ્ટયુકત બૂરી ગતિઓ અને કષ્ટને ભોગવવું તથા પ્રાણક્ષયમાં મુત્યુ સમયે થનારી પીડાઓને વિચારવી અને તે ઉપર વિચાર કરીને મુક્તિ માટે પ્રયત્ન કરે.

**તંત્રી સ્થાનેથી....**

## ભાગલા પાડો અને રાજ કરો

દિલ્હીની યુપીએ સરકાર દ્વારા તાજેતરમાં જ જૈન સમુદાયને લઘુમતિનો દરજ્જો આપવાનો નિર્ણય કેબિનેટ દ્વારા લેવામાં આવ્યો છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને જૈનોના એક પ્રતિનિધિ મંડળે રજુઆત કરતાં રાહુલ ગાંધીએ વડાપ્રધાન શ્રી મનમોહનસિંહને આ બાબતને ટેકો આપવા વિનંતી કરી હતી. અને મનમોહનસિંહે આ વિનંતીનો સ્વીકાર કરી કેબીનેટમાં તેને મંજુર કરાવી દીધી છે.

આપણો દેશ ગુલામ હતો ત્યારે બ્રિટીશ સામ્રાજ્ય દ્વારા ભાગલા પાડો અને રાજ કરોની જે નીતિ હતી તે જ નીતિનો અક્ષરશઃ અમલ કોંગ્રેસ કરી રહી છે. દેશને વિવિધ કોમોમાં વિભાજીત કરીને તેમને વિશેષ લાભ આપી તેમના મત એકત્રિત કરવાનો આ ખેલ કોંગ્રેસ વર્ષોથી ખેલી રહી છે. આ અગાઉ પણ તેણે મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, બૌદ્ધો અને પારસીઓને આ પ્રકારનો દરજ્જો આપેલો જ છે. કોંગ્રેસ દ્વારા લઘુમતિઓના મત મેળવવા તાજેતરમાં જ એક વિધેયક સંસદમાં મૂકવાનો પ્રસ્તાવ હતો. પરંતુ આનો વિરોધ થતાં તે વિધેયક સંસદમાં મૂકવામાં આવ્યું ન હતું આ લક્ષિત કોમી હિંસા વિરોધી વિધેયકમાં બહુમતી ધરાવતા લોકોને માત્ર ને માત્ર હેરાન કરવાના આશયથી આ બિલ તૈયાર કરવામાં આવ્યું છે. હિંદુઓ બહુમતીમાં હોવાને કારણે તેમણે કોંગ્રેસની આ માનસિકતાને સમજવાની જરૂર છે.

જો આપણે કોંગ્રેસની આ ચાલને નિષ્ફળ બનાવવામાં વિફળ રહીશું તો આપણો દેશ વિભાજીત જઈ જશે. આવો આજથી જ આવા નિર્ણયનો વિરોધ કરીએ.

# સુખની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિ માટે સતત વેદોક્ત કર્મો જ કરતા રહો

**વેદવાણી**

**(૧)-સ્વામી વેદાનંદ**

सा विश्वायुः सा विश्वकर्मा सा विश्वधायाः ।
इन्द्रस्य त्वा भाग सोमेन तनच्मि विष्णो हव्यँ रक्ष ॥ ४॥

અર્થ :- હે વિષ્ણો! =હે સર્વવ્યાપક પરમેશ્વર! આપ જે વાણીને ધારણ કરો છો,सा=તે વાણી, विश्वायुः=પૂર્ણ આયુ આપનારી, सा=તે વાણી, विश्वकर्मा=સંપૂર્ણ કર્મકાંડને ઉત્પન્ન અથવા નિષ્પન્ન કરનારી, सा=તે વાણી, विश्वधायाः=આખા જગતને વિદ્યા તથા ઐશ્વર્ય ધારણ કરાવનારી છે. પૂર્વ મંત્રમાં (મંત્ર.૧-૩) પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ અહીં આપવામાં આવે છે. પ્રશ્ન હતો કે કઈ કઈ વાણીને જાણવી જોઈએ? આગળ કહેવામાં આવે છે- इन्द्रस्य =પરમેશ્વરના ,भागम्=સેવનીય યજ્ઞને, सोमेन=વિદ્યાથી સિદ્ધ કરેલ રસ અથવા આનંદથી, आ=સારી રીતે, तनच्मि=પોતાના હૃદયમાં સિદ્ધ કરું છું. હે પરમેશ્વર! हव्यम्=યજ્ઞ સંબંધી આપવા-લેવા યોગ્ય દ્રવ્ય અને વિજ્ઞાનની रक्ष=રક્ષા કરો.

લોકમાં બે માર્ગ સુપ્રસિદ્ધ છે. તે છે સદ્યોમુક્તિ તથા ક્રમમુક્તિ. સદ્યોમુક્તિવાળા બ્રહ્મચર્યાશ્રમથી જ સીધા સન્યાસ ગ્રહણ કરીને મુક્ત થઈ જાય છે. ક્રમમુક્તિવાળા બ્રહ્મચર્યાશ્રમથી ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થયા પછી વાનપ્રસ્થાશ્રમમાં રહી સન્યાસાશ્રમ દ્વારા મુકત થઈ જાય છે. સદ્યોમુક્તિવાળામાં પૂર્વજન્મોપાર્જિત વિદ્યાના સંસ્કાર હોવાના કારણે તેની યોગ્યતા ઉંચી બને છે. જેની યોગ્યતા આટલી ઉંચી નથી તે સંસારમાં રહેતા રહેતા તે યોગ્યતાનું સંપાદન કરતા રહે. આ દૃષ્ટિએ જ વર્ણાશ્રમ વ્યવસ્થાની સ્થાપના વેદાજ્ઞાનુસાર ઋષિઓએ કરી છે. સદ્યોમુક્તિવાળાની યોગ્યતા ક્રમમુક્તિવાળાની યોગ્યતા કરતા અત્યન્ત ઉંચી છે. આથી તેને યોગ્યતા સમ્પાદનાર્થ ગૃહસ્થ-વાનપ્રસ્થ આશ્રમોમાંથી પસાર થવાની આવશ્યકતા નથી.

જ્ઞાનકાંડનો પ્રારંભ આ બંને વાતોને સ્પષ્ટ કરે છે.

'ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत । तेन त्यक्तेन भूञ्जीथा मा गृधः कस्यस्विदधनम्' ॥ ( यजु.४०-१ )

આ ચલાયમાન સંસારમાં જે કંઈ ચર-અચર તત્વ છે, તે સર્વ સર્વવ્યાપક પરમાત્માનું વાસ=સ્થાન છે અર્થાત્ ઈશ્વર સર્વપદાર્થોમાં વ્યાપક છે. આથી પદાર્થોને ત્યાગભાવથી ભોગવવા જોઈએ, લાલચ કરવી ન જોઈએ. રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધ કોઈ પ્રત્યે રાખવો ન જોઈએ. પરમાત્મા પ્રાપ્તવ્ય છે, અન્ય સર્વ ત્યાજ્ય છે. અન્ય પદાર્થોની ત્યાગબુદ્ધિથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આ ત્યાગબુદ્ધિ સંન્યાસીને જ પ્રાપ્ત થશે, સંસારી ગૃહસ્થાદિને નહિ. તો સમસ્યા ઉભી થાય છે કે સન્યાસીથી અન્ય=સંસારી લોકોએ શું કરવું જોઈએ? તો જવાબ આપે છે-

कुर्वन्नेवेह कर्माणि जिजीवेषेच्छतं समाः । एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥ ( यजु. ४०-२ )

કર્મોને કરતા કરતા જ અહીં સો વર્ષ જીવવાની ઈચ્છા કરો. કર્મોને કરતા જો રહીશું તો આવા નરમાં કર્મ લિપ્ત નહીં થાય. વેદોક્ત કર્મોને જ અહીં 'કર્મ'શબ્દ કહ્યો છે. વેદોક્ત કર્મોને જ નિરંતર કરતા રહેવાથી સુખની પ્રાપ્તિ તથા દુઃખની નિવૃત્તિ થાય છે. અંતે સર્વસંગપરિણામરુપ સન્યાસ દ્વારા સંપૂર્ણ દુઃખની નિવૃત્તિસ્વરુપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ઉન્નતિના આ બે જ માર્ગ છે. પ્રસંગવશાત્ એક વધુ પ્રશ્ન પૂછી શકાય છે કે જે સર્વવ્યાપક પરમાત્માને નથી જાણતા, વેદોક્ત કર્મોનું અનુષ્ઠાન પણ નથી કરતા પરંતુ તેની વિરુદ્ધ ચાલે છે, તેની ગતિ કેવી થાય છે, આગળ બતાવવામાં આવે છે-

असुर्य्या नाम ते लोका अन्धेन तमसावृताः ।

**સદ્યોમુક્તિવાળા બ્રહ્મચર્યાશ્રમથી જ સીધા સન્યાસ ગ્રહણ કરીને મુક્ત થઈ જાય છે. ક્રમમુક્તિવાળા બ્રહ્મચર્યાશ્રમમથી ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થયા પછી વાનપ્રસ્થાશ્રમમાં રહી સન્યાસાશ્રમ દ્વારા મુક્ત થઈ જાય છે.**

ताँस्ते प्रेत्याभिगच्छन्ति ये केचात्महनो जनाः ॥ ( यजु.४०-३ )

કેવળ પોતાના પ્રાણપોષણમાં તત્પર આત્મઘાતી નર,અસુરોના અત્યન્ત અંધકારથી આવૃત લોકને મૃત્યુ પછી પ્રાપ્ત કરે છે. આને અધોગતિ કહેવાય છે. અધોગતિને પ્રાપ્ત કરતા તે પવિત્ર વેદવાણીથી દૂર રહે છે. વેદમંત્રોનો ઉપદેશ કેવળ મનુષ્ય માટે જ છે. મનુષ્ય વેદાનુકૂળ કર્મ કરે તો દેવ બની જાય છે અને વેદવિરુદ્ધ કામ કરે તો અધોગતિ પ્રાપ્ત કરે છે.

વેદવાણી જ્ઞાનપૂર્ણ છે. આ વેદજ્ઞાનના ત્રણ સ્તર છે આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક. આ ત્રણેયનો સાક્ષાત્કાર જયારે મનુષ્ય કરે છે ત્યારે તે 'મંત્રદ્દષ્ટા' બની જાય છે. જેટલા પણ ઋષિ-મુનિઓ થયાં છે તે બધા આ રીતે જ મંત્રના ત્રણે અર્થ=ગર્ભને જાણનારા હતાં. બ્રહ્મચર્યાશ્રમમાં કર્મનો અધિકાર ન હોવાથી ત્યાં કેવળ શબ્દનો જ અભ્યાસ થાય છે. પરંતુ જેઓએ પૂર્વજન્મમાં વેદોક્ત બ્રહ્મચર્યાશ્રમમાં કર્મનો અધિકાર ન હોવાથી ત્યાં ફક્ત વેદોક્ત કર્માનુષ્ઠાન સંપન્ન કરવામાં આવે છે. તે બ્રહ્મચારીઓ માટે વર્તમાનજન્મમાં કર્મકાંડ કરવાની અપેક્ષા રહેતી નથી. આથી જ તેઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા ઈચ્છતા નથી. ગુરુપદેશ સાંભળતા તેઓમાં ગતજન્માર્જિત સંસ્કાર જાગૃત થઈ જાય છે. જે પુરુષોએ ગત જન્મમાં વેદોક્તકર્મોના આચરણથી સંસ્કાર સંપન્ન નથી તેઓ માટે આ સંસ્કારો ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થાશ્રમનો આશ્રય લેવો જોઈએ. આ વિચારોથી એ નિષ્કર્ષ નીકળે છે કે બધા માટે મુક્તિનો એક નિયમ નથી. યોગ્યને ઝડપી મુક્તિ મળે છે અને અયોગ્યને મોડેથી. અયોગ્ય વ્યક્તિ પણ જયારે યોગ્યતા સંપાદન કરવા યોગ્ય બની જાય છે ત્યારે તેને મુક્તિ મળી જાય છે. (ક્રમશઃ)

# શિયાળાની ઋતુમાં આરોગ્ય વર્ધક તલનો છૂટથી ઉપયોગ કરો

**⇨ તલમાં જુનો ગોળ મેળવેલી તલપાપડી કબજીયાત દુર કરનાર છે.**

**⇨ રાત્રે પથારીમાં પેશાબ કરવાની ટેવવાળા બાળકોને કાળા તલ અને મુળા ખવડાવાય છે.**

શરીરને નિરોગી રાખવું કે રોગી બનાવવું તે મનુષ્યના હાથની વાત છે. શરીરને હિત શું છે અને અહિત શું છે તેનો વિવેક જો મનુષ્ય ન કરે તો રોગોનો જન્મ થાય છે. કારણ કે રોગો થવાનું મુખ્ય કારણ મિથ્યા આહાર જ છે. દરેક મનુષ્યએ પોતાની પ્રકૃતિને માફક આવે એવો પોષક અને સમતોલ સાત્વિક આહાર લેવો જોઈએ. દરેક ઋતુની આબોહવા અલગ અલગ હોવાથી શરીર પર તેની જુદી જુદી અસર થાય છે. અને તેથી જ ઋતુ પ્રમાણે આહારમાં પણ ફેરફાર કરવો જરૂરી છે. શિયાળાની ઋતુમાં જઠરાગ્નિ પ્રદિપ્ત થતી હોય છે. તેથી આહાર માં મધુર અને સ્નિગ્ધ પદાર્થ લેવા જોઈએ. સામાન્યતઃ શિયાળામાં ઘી, ગોળ, તલ, મગફળી, સુખડી અડદિયા ઈત્યાદિ ખાવા જોઈઅદ. આજે આપણે તલની ઉપયોગીતા વિશે વાત કરીશું.

તલ શબ્દ ઉપરથી જ તેલ શબ્દ પ્રચલિત થયો છે. તલના વાવેતર અને અને ઉત્પાદનમાં ભારત વિશ્વમાં અગ્રસ્થાને છે. તલનું મુળ વતન આફ્રિકા હોવાનું મનાય છે. ભારતમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, આંધ્ર, તામિલનાડુ, ગુજરાત, મહારાષ્ટ્ર ઓરીસ્સા, અને મ્હેસુરમાં તલનો સારામાં સારો પાક થાય છે.

તલના ત્રણ પ્રકાર છે. કાળા, ધોળા અને રાતા. આ સઘળા પ્રકારનાં તલોમાં આયુર્વેદે કાળા તલને શ્રેષ્ઠ કહ્યાં છે. ત્યારબાદ ધોળા તલને મધ્યમ અને રાતાં તલને હીન ગુણવાળા ગણ્યાં છે. જંગલી અડદ, મગ અને ચણાની જેમ ધોળા તલને સાકારની ચાસણી સાથે મેળવી તેની રેવડી બનાવવામાં આવે છે. તે ઉપરાંત તલને અધકચરા ખાંડી તેની સાની (કચરીયું) પણ બનાવવામાં આવે છે, જે ખુબ જ પૌષ્ટિક ગણાય છે. શેકેલા તલ રોજીંદા વપરાશમાં મુખવાસ તરીકે પણ વપરાય છે. તે ઉપરાંત સ્વાદિષ્ટ વાનગીઓના આકર્ષક દેખાવ માટે તલનો ઉપયોગ કરવામાં આવે છે.

તલનો ઔષધિ તરીકે ઉપયોગ : સવારના પહોરમાં બે મુઠ્ઠી તલ ચાવીને ખાવાથી શરીરને બળ અને પોષણ મળે છે અને દાંત મજબુત બને છે. તેમજ દુઝતા હરસ નાશ પામે છે. તલમાં ચુનાનું પ્રમાણ ખુબ હોવાથી નાના બાળકો માટે પોષણ યુકત ગણાય છે. દરરોજ તલની ચીકી કે તલસાંકળી બાળકોને આપવાથી બાળકો પુષ્ટ થાય છે. તલમાં જુનો ગોળ મેળવેલી તલપાપડી કબજીયાત દુર કરનાર છે. રાત્રે પથારીમાં પેશાબ કરવાની ટેવવાળા બાળકોને કાળા તલ અને મુળા ખવડાવાય છે.

દાઝેલા ભાગ ઉપર તલને વાટી ઘી અને કપુર સાથે લેપ કરવાથી કે પછી કકડાવેલું તલનું તેલ ચોપડવાથી ફાયદો થાય છે. શરીરના કોઈપણ ભાગમાં થતાં ભયંકર દાહ-બળતરામાં દૂધમાં તલ વાટીને આછો લેપ કરવાથી ત્વરિત શાંતિ થાય છે. તરતના થયેલા ઘા કે પછી રુઝ ન આવતી હોય તેવા ઘા પર પીસેલા તલમાં મધ અને ઘી મેળવીને ચોપડવાથી બીજા અનેક સિદ્ધ ઔષધો કરતાં જલ્દી ફાયદો થાય છે.

શિયાળામાં ફાટેલા હાથ, પગ, ગાલ અને હોઠ પર તલનું તેલ ચોપડવાથી ફાયદો થાય છે. આ ઋતુમાં નવજાત શિશુથી માંડી વૃદ્ધ વ્યકિતઓ પણ જો તલના તેલની નિયમિત માલિશ કરે તો તે ચામડી ઉપરાંત સમગ્ર શરીર માટે ગુણકારી છે. શિયાળાની ઋતુમાં તલ અને તેની બનાવટો તથા તલના તેલનો છુટથી ઉપયોગ કરવો જોઈએ.

## જાલિમ કે જુલ્મ

પશ્ચિમ કી ઓર સે -
બડે તૂફાન આયે
અનેકો આંધીયાં ઊઠી
પ્રલય કી ભાન્તિ
ઘનઘોર ઘટાયે
ઘીરકર આયી.
બેસુમાર
બિજલીયાં તૂટી
અન્યાય હુએ
સિતમ ધાયે ગયે
મુજાલમ તોડે ગયે
મંદિર ગિરાયે ગયે
શિવાલય ઢાયે ગયે
શહેર લૂંટે ગયે
બસ્તિયાં ઉજાડ દી ગયી
જ્ઞાન કે ભંડાર પુસ્તકાલયોકો
જલાકર ખાક કરદિયે ગયે.
દૂધ મૂંહે બચ્ચે
દીવારોમેં ચુના દિયે ગયે
બ્રાહ્મણોકો-
બોરિયોમેં બંધ કર-
દરિયામેં બહા દિયે ગયે
તલવારો કે ઘાટ
ઉતારે ગયે.
યહ સબ કુછ
ઈસી લિયે હુઆ કિ-
આર્ય ધર્મ આર્ય સભ્યતા
ઓર
વૈદિક ધર્મ કો
મિટા ડાલા જાય.
કૌન સા હથિયાર થા-
જો હમ નહિ ચલાયા ગયા
કૌનસા અન્યાય થા-
જો હમ પર નહિ કિયા ગયા
ઈન જાલિમોને-
કૌનસા જુલ્મ થા
જો હમ નહિ કિયા ગયા
લેકિન થે હમ ન મિટને
ન મિટ શકે
જો હમ કો
મિટાને કો આયે થે
ખુદ મિટે ગયે.
હમ-
ઈતિહાસ ઓર
સભભ્યયતા કે સાથ
આજ ભી જિવિત હૈ,
હમ ધર્મ ઓર
સંસ્કૃતિ કે સાથ
આજ ભી મોજુદ હૈ.
કારણ-
કઈ કઈ શતાબ્દીંયા તક
રાજપૂતો-શીખો ઓર મરાઠોને
અપની દૂધારી તલવાર
મ્યાન સે બાહિર રખા.
ધન્ય હૈ-
દયાનંદ !
જિસને સ્વાભિમાન કે
અસ્તિત્વકો
ફિરસે જાગૃત કિયા
ઓર
સંસાર કે કોને કોને મેં
પ્રાચીન સભ્યતા કા
બ્યુગલ ફૂંકા
વૈદિક ધર્મ કા
પાંચ જન્ય બજાયા.

**વાનપ્રસ્થિ દયાલમુનિ આર્ય**

# ફલિત જ્યોતિષ ઉપર વિશ્વાસ રાખનાર પોતાના જીવનને અંધકાર તરફ લઈ જાય છે

**..જ્યોતિષ ચિંતન-૧**

**- શ્રી ગંગાશરણ આર્ય, નવી દિલ્હી**

વૈદિક સાહિત્યમાં જ્યોતિષનું એક મહત્વપૂર્ણ સ્થાન છે. જ્યોતિષને વેદના છ અંગોમાનું એક અંગ માનવમાં આવે છે. વેદોમાં ઘણા એવો મંત્રો વિદ્યામાન છે જેને જ્યોતિષિની સહાયતા વગર સમજી શકાય જ નહીં. પરંતુ આ મહત્વ ગણિત જ્યોતિષ છે, નહિં કે ફલિત જ્યોતિષ. ગણિત જ્યોતિષ અને ફલિત જ્યોતિષ બંને વચ્ચેનું અંતર સ્પષ્ટ કરવું અતિઆવશ્યક છે.

ગણિત જ્યોતિષ : આ એવી વિદ્યા છે જેના દ્વારા સૂર્ય, નક્ષત્ર વગેરેથી પ્રકૃતિ ઉપર થવાવાળી ઘટનાઓનું યથાર્થ જ્ઞાન થાય છે. જેમ કે સૂર્યગ્રહણ ક્યારે થશે? ચંદ્રગ્રહણ ક્યારે થશે? ઋતુઓનું પરિવર્તન ક્યારે થશે? અને કેવી રીતે થાય છે? દિવસ ક્યારે નાનો થાય છે અને ક્યારે મોટો થાય છે? ગણિત જ્યોતિષથી આપણે નક્ષત્રોની સ્થિતિ જાણીને ઐતિહાસિક ઘટનાઓની પ્રાચીનતાનો પણ નિર્ણય લઈ શકીએ છીએ. ઉદાહરણના રૂપમાં જ્યારે મહાભારતનું યુદ્ધ થયું હતું તે વખતે ગ્રહ એક યુતિમાં હતા. પાશ્ચાત્ય જ્યોતિર્વિદ બેલીના મતાનુસાર ઈસાથી ૩૧૦૨ વર્ષ પૂર્વે ૨૦ ફેબ્રુઆરીના બે વાગે અને અઠ્ઠાવીસ મીનીટ અને ત્રીસ સેકંડે ગ્રહ એક યુતિમાં હતા. મહાભારતનો સમય ૩૧૦૨ + ૨૦૦૭ = ૫૧૦૯ વર્ષ હશે. આ મહાભારતનો સમય જ્યોતિષના અનુસાર છે અને પરંપરા અનુસાર પણ આ જ બરાબર છે. આ ગણિત જ્યોતિષને આપણે માનવું જોઈએ.

ફલિત જ્યોતિષ શું છે?

જો જન્મ વિવાહમાં રાહુ હોય અને ચંદ્રમાં છઠ્ઠા સ્થાને હોય તો બાળકનું મૃત્યુ થઈ જાય છે. જો જન્મમાં શનિ હોય અને છઠ્ઠા સ્થાનમાં ચંદ્રમા તેમજ સાતમા સ્થાનમાં મંગળ હોય તો બાળકના પિતાનું મૃત્યુ થાય છે. તેવી રીતે રાત્રે બાળક જન્મે તો અમુક પ્રકારનું થશે. રવિવારે જન્મે તો અમુક પ્રકારનું થશે. કોઈ કન્યાના વિવાહ અમુક સમયમાં થાય અથવા તો વિવાહ પછી શુક્રવારે અથવા શ્રાદ્ધના દિવસોમાં સાસરે જાય તો વિધવા થઈ જાય વગેરે વગેરે ફલિત જ્યોતિષ સર્વથા મિથ્યા છે. આ ભોળી જનતાને ઠગવાનું પાખંડ છે.

આજકાલ ફલિત જ્યોતિષ શાસ્ત્રની વ્યર્થ વાતોનો પ્રચાર-પ્રસાર વિભિન્ન પત્ર-પત્રિકાઓ, વિજ્ઞાપન તેમજ ટેલિવિઝનના માધ્યમથી થઈ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિની સાથે જ નહીં પરંતુ માનવજાતિની સાથે છલ-કપટ થઈ રહ્યું છે. જ્યોતિષી સડકછાપ પોપટ-મેનાવાળા હોય કે પછી કોમ્પ્યુટર દ્વારા હાલચાલ બતાવવાવાળા આધુનિક ભાગ્યવિધાતા હોય પરંતુ ફલિત જ્યોતિષ લોકોને મુર્ખ બનાવવાની વિદ્યા છે. હંમેશા એવો જ પ્રચાર-પ્રસાર થાય છે કે ફલિત જ્યોતિષ એક વિજ્ઞાન છે. પરંતુ વિજ્ઞાન દ્વારા પ્રદત્ત તથ્ય સાર્વભૌમિક તેમજ શાશ્વત સત્ય હોય છે. તેમજ તેની સત્યતાની પરખ પ્રયોગો દ્વારા કરવામાં આવે છે. વિભિન્ન સિદ્ધાંતોને આધારે વારંવાર પ્રયોગ કરવાથી એક જ જેવા પરિણામ મળે છે શું આ આધારે ફલિત જ્યોતિષને વિજ્ઞાન કહી શકાય? ના. એક જ જન્મકુંડળીના આધારે અલગ-અલગ જ્યોતિષ અલગ-અલગ વાણી કરે છે.કોઈપણ જ્યોતિષ દ્વારા કરવામાં આવેલ અનુમાન હંમેશા ૧૦૦ ટકા સાચા નથી હોતા. થોડા અનુમાન બરાબર હોય છે તો અડધાથી વધારે અનુમાન ખોટા હોય છે. જો જ્યોતિષ વિજ્ઞાન છે તો તેવું ના થવું જોઈએ. જો ફલિત જ્યોતિષ વિજ્ઞાન જ હોત તો સ્કૂલો, કોલેજોમાં અન્ય વિષયોની જેમ તેને પણ ભણાવવામાં આવતું હોત. આજકાલના પોતાની જાતને આધુનિક જ્યોતિષી તરીકે ઓળખાવતા ઠગો કોમ્પ્યુટરનો સહયોગ લઈને વિજ્ઞાનનો ભ્રમ ઉત્પન્ન કરી લોકોને મુર્ખ બનાવતા રહે છે.

દરેક વ્યક્તિના જીવનમાં વિભિન્ન ઉતાર-ચઢાવ આવે છે. ક્યારેક એવું પણ થાય છે કે ખૂબ જ પ્રયત્ન કરવા છતાં આપણે વારંવાર અસફળતાનો સામનો કરવો પડે છે અને પરિસ્થિતિ વિપરિત થઈ જાય છે. આપણને એવું લાગે છે કે દરેક વ્યક્તિ અને વસ્તુ આપણી પ્રતિકૂળ થઈ રહી છે. બીજી બાજુ કોઈપણ વિશેષ પ્રયત્ન વગર પણ વ્યક્તિને સફળતા પ્રાપ્ત થઈ જાય છે. દરેક બાજુથી સહાયતા મળે છે અને ઈચ્છિત કાર્ય સમ્પન્ન થવા લાગે છે. વ્યક્તિ એવું માને છે કે તેના સારા દિવસો ચાલી રહ્યા છે. જ્યોતિષ વિદ્યામાં વ્યક્તિને ગ્રહોના હાથની માત્ર કઠપુતળી બનાવીને ચલાવવામાં આવે છે. સારા ખરાબ દિવસો માટે પરિસ્થિતિઓ અને વ્યક્તિ સ્વયં જવાબદાર ન હોઈ ગ્રહો જવાબદાર હોય તેવી વાત ગળે ઉતરતી નથી. જૂની કહેવત છે કે જેવું વાવશો તેવું જ લણશો. વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા કર્મો જ ભવિષ્યમાં સારા અને ખરાબ દિવસો દેખાડે છે. જો યોગ્ય વ્યક્તિને કઠોર પરિશ્રમ કર્યા પછી પણ સફળતા મળતી નથી અને ઓછી યોગ્યતાવાળા વ્યક્તિને વગર પરિશ્રમે સફળતા મળી જાય તો તેની પાછળ સામાજિક, આર્થિક પરિસ્થિતિઓ, પારિવારીક પૃષ્ઠભૂમી, અવસરોની ઉપલબ્ધતા અને ભ્રષ્ટાચાર જેવા કારણો પણ હોય છે.

જીવનમાં વાસ્તવિક ઉતાર-ચઢાવમાં ગ્રહોનો પ્રભાવ માનવો યુક્તિસંગત નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે જે પુરૂષો સિંહોની જેમ ઉદ્યોગ કરે છે તેમને ખૂબ ધન પ્રાપ્ત થાય છે અને જે પુરુષો એમ કહે છે કે નસીબમાં જે હોય છે તે જ મળે છે તો તે કાયર છે. એટલા માટે સારા અને ખરાબ દિવસો માટે અમુક હદ સુધી પરિસ્થિતિઓ જ જવાબદાર છે નહીં કે ગ્રહ દશા. છતાં પણ ઘણા લોકો ફલિત જ્યોતિષ ઉપર વિશ્વાસ રાખે છે અને પોતાના જીવનને અંધકાર તરફ લઈ જાય છે.

(ક્રમશઃ)

# अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ।।

(ऋ. १/१/१)

**व्याख्यान –**

(**अग्निमीळे**) सब जगत् को उत्पन्न करके संसारस्थ पदार्थों का और परमात्मा का जिससे पदार्थ ज्ञान होता है, उस सनातन अपनी विद्या का, सब जीवों के लिये, आदि सृष्टि में परमात्मा ने उपदेश किया है। जैसे अपने सन्तानों को पिता उपदेश करता है वैसे ही परमकृपालु पिता परमेश्वर ने हम सब जीवों के हित के लिये सुगमता से वेदों का उपदेश किया है। जिससे धर्म, अर्थ, काम, मोक्ष और सब पदार्थों का विज्ञान और उनसे यथावत् उपकार लेवें। इसलिये अत्यन्त हित से हम लोगों को उपदेश किया है। हम लोग भी अत्यन्त प्रेम से इसको स्वीकार करें।

सर्वज्ञ सर्वशक्तिमान् न्यायकारी आदि विशेषणयुक्त परमेश्वर अग्नि पिता के समान पुत्रों को उपदेश करता है – हे जीव मनुष्यदेहधारी ! 'मैं अग्नि परमात्मा की स्तुति करता हूँ' ऐसा बोल। फिर जीव बोलता है – ' जो सबको जानने वाला, शुद्ध, सब विकारों से रहित, सनातन, जो सब काल में एक रस बना रहता है, जो अज है, जिसका जन्म कभी नहीं होता, जो अनादि है, जिसका आदिकारण कोई नहीं, जो अनन्त है, जिसका अन्त कोई नहीं ले सकता, जगत् में जो परिपूर्ण हो रहा है, सब जगत् का आदि कारण और प्रकाशस्वरूप है, जिसका नाम अग्नि है, उसकी मै स्तुति करता हूँ।' उससे भिन्न कोई दूसरा ईश्वर नहीं है और उसको छोड़कर दूसरे का लेशमात्र भी आश्रय मैं कभी नहीं करता। किस प्रयोजन के लिये ? धर्म, अर्थ, काम और मोक्ष – इनकी सिद्धि के लिये।

अञ्चु गतिपूजनयोः। णीञ् प्रापणे। इण् गतौ इत्यादि ध ातुओं से अग्नि शब्द सिद्ध होता है। जो सबको जानता है। जो सब वेदादिक–शास्त्रों से जाना जाता है, जो सब में प्राप्त हो रहा है, जो सर्वत्र प्राप्त होता है, जो सब धर्मात्माओं का सत्कार करता है, जिसका सत्कार सब विद्वान् लोग करते हैं, जो सब सुखों को प्राप्त कराता है और जो सब सुखों के अर्थ धर्मात्मा, विद्वान् व मुमुक्षुओं के द्वारा प्राप्त किया जाता है, इस प्रकार व्याकरण, निरूक्त आदि के प्रमाणों से, अग्नि शब्द से परमेश्वर के ग्रहण में कोई भी विवाद नहीं है।

पूर्वोक्त अग्नि कैसा है कि (**पुरोहितः**) सब देहधारियों की उत्पत्ति से प्रथम ही सब जगत् और स्वभक्त धर्मात्माओं के लिये सब पदार्थों की उत्पत्ति जिसने की है। और विज्ञानादि दान से जो जीवादि सब संसार का धारण और पोषण करता है। इससे परमात्मा का नाम पुरोहित है। ईश्वर से भिन्न कोई सर्वधारक व पोषक नहीं है। (**यज्ञस्य देवम्**) यज धातु से यज्ञ शब्द सिद्ध होता है। इसका यह अर्थ है कि जो अग्निहोत्र से लेकर अश्वमेध पर्यन्त विविध क्रियाओं से सिद्ध होता है, जो वायु और वृष्टि जल की शुद्धि द्वारा सब जगत् को सुख देने वाला है, उसका नाम यज्ञ है। अथवा परमेश्वर के सामर्थ्य से (प्रलयसमय में) सत्वगुण, रजोगुण व

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

**२१** સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

तमोगुण की साम्यावस्था उत्पन्न होती है (सृष्टि के समय) उससे पृथ्वी पर्यन्त कार्य कारण संगति से जो जगत्रूप यज्ञ उत्पन्न होता है अथवा सत्यशास्त्र, सत्यधर्माचरण, सत्पुरुषों के संग से जो उत्पन्न होता है, जिसका नाम विद्या, ज्ञान और योग है। उसका भी नाम यज्ञ है।

इन तीनों प्रकार के यज्ञों का जो देव है, जो सब सुखों का देने वाला है, जो सब जगत् का प्रकाश करने वाला है, जो सब विद्वानों के द्वारा कमनीय है, जो स्वभक्तों को आनन्द कराने वाला है, जो अधार्मिक अन्यायकारी शत्रुओं के और कामक्रोधादि शत्रुओं के जीतने की इच्छा पूर्ण करने वाला है, इससे ईश्वर का नाम देव है (**ऋत्विजम्**) जो सब ऋतुओं में पूजने योग्य है, जो सृष्टि का काल आने पर जगत् रचने वाला है और ज्ञानादि यज्ञ की सिद्धि करने वाला है, इससे ईश्वर का नाम ऋत्विज् है। ऋतु शब्द पूर्वक क्विन् प्रत्ययान्त यज धातु से ऋत्विज् शब्द सिद्ध होता है। (**होतारम्**) जो सब जगत् के जीवों को सब पदार्थों का देने वाला है, जो मोक्ष समय में मुक्त जीवों का ग्रहण करने वाला है तथा जो वर्तमान और प्रलय समय में सब जगत् का ग्रहण और धारण करने वाला है, इससे परमात्मा का होता नाम है।

(**रत्नधातमम्**) जिनमें रमण करना योग्य है, जो प्रकृत्यादि पृथिवी पर्यन्त रत्न तथा विज्ञान हीरादि जो रत्न और सुवर्णादि जो रत्न है, जिनके यथावत् उपयोग करने से आनन्द होता है, उन रत्नों का सब जीवों को दान के लिये जो धारण करता है, वह रत्नधा कहाता है। और अतिशय से पूर्वोक्त रत्नों का धारण करने वाला है, इससे परमेश्वर का नाम 'रत्नधातमम्' है।

(ऋ.दया.कृत ऋग्वेदभाष्य का नमूना अंक–२)

**भावार्थ –**

पिता के समान कृपाकारक परमेश्वर सब जीवों के हित और सब विद्याओं की प्राप्ति के लिये कल्प कल्प के आदि में वेद का उपदेश करता है। जैसे पिता वा अध्यापक अपने शिष्य वा पुत्र को शिक्षा करता है कि तू ऐसा कर वा ऐसा वचन कह, सत्य वचन बोल इत्यादि शिक्षा को सुनकर बालक वा शिष्य भी कहता है कि सत्य बोलूँगा, पिता और आचार्य की सेवा करूँगा, झूठ न कहूँगा, इस प्रकार जैसे परस्पर शिक्षक लोग शिष्य वा लड़कों को उपदेश करते हैं वैसे ही 'अग्निमीळे' इत्यादि मन्त्रों में भी जानना चाहिये। क्योंकि ईश्वर ने वेद सब जीवों के उत्तम सुख के लिये प्रकट किया है। तथा 'ईडे' यह उत्तम पुरुष का प्रयोग बताता है कि वेद सब जीवों के कल्याण के लिये प्रकट हुआ।

(ऋ.दया. कृत ऋग्वेद भाष्य) (ક્રમશઃ)

## વ્યક્તિએ ગુણ-ગ્રહણ કરવામાં અને દોષ છોડવામાં અત્યંત પરિશ્રમ કરવો જોઈએ

**સર્વથા સર્વદા સર્વભૂતાનામનભિદ્રોહઃ અહિંસા**

૫૩. સંસારના કોઈપણ પ્રાણીને કોઈપણ પ્રકારે અનુચિત પીડા ન દેવી તે અહિંસા છે. જે મનુષ્ય આ પ્રકારના આદર્શોને સામે રાખીને ચાલે છે તે આ માર્ગ પર આગળ વધી શકે છે. અન્યથા મનુષ્ય અવસરવાદી હોય છે, ગમે ત્યારે દગો થઈ શકે છે.

૫૪. જ્યારે કોઈ સાથે વાર્તાલાપ કરીએ છીએ ત્યારે વિચારીને બોલવું જેથી સામેવાળાને આનંદ થાય. જે એમ વિચારીને બોલતો નથી તે વાણી-વ્યવહાર તથા તેનાથી મળનાર ફળોને જાણતો નથી. અને તેનો વ્યવહાર પણ સુધરી શકતો નથી.

**સત્યોપદેશ**

**ઉપદેશક - સ્વામી સત્યપતિજી**
**અનુ.- જયાબેન પોરિયા (યુકે)** **૨૬**



૫૫. અનેક કારણોથી વ્યક્તિ પણ દુઃખ, રોગ, આદિ આવે છે. જેમ કે અવસ્થા-પરિવર્તનથી, જો કે તે શરીરનો ધર્મ છે - જેમ કે બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, બુઢાપા, રોગ, મૃત્યુ વગેરે. તે સિવાય ઈશ્વરનો ન્યાય નિયમ છે. આપણા કર્મફળ કોઈ આ જન્મના અને કોઈ પૂર્વ જન્મના હોય છે. આ બધાં ઉપરાંત રાજા, પ્રજા, માતાપિતા આદિ પણ કારણ છે. તેથી તેમાં ચિંતા કરવી જોઈએ નહિં.

૫૬. વ્યક્તિએ ગુણ-ગ્રહણ કરવામાં અને દોષ છોડવામાં અત્યંત પરિશ્રમ કરવો જોઈએ. જે મનુષ્ય ગુણ-ગ્રહણ કરતો નથી તે દોષોને છોડતો નથી, તેવી વ્યક્તિનું અનુકરણ ન કરવું.

૫૭. જે વ્યક્તિ ઈશ્વરોપાસના કરે છે, તે વ્યવહારમાં ઈશ્વર-પ્રણિધાનથી યુક્ત રહે છે. તે વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન-સ્વાધ્યાય કરે છે અને નિષ્કામ-કર્મ જ કરે છે. તેને અન્ય કોઈ લૌકિક વિષય-વિચાર કરવાનો કે ભોગવવાનો સમય જ નથી હોતો. જે મનુષ્ય એવું નથી કરતો અથવા તેમાનાં કોઈને છોડે છે, તો તે બુરાઈ અર્થાત લૌકિક વિષયભોગોથી બચી શકતો નથી.

(ક્રમશઃ)

# મદ્યનું સેવન કરનાર માણસ વિદ્યાદિ શુભ ગુણોથી રહિત થઈ અનેક દોષોનો શિકાર બને છે




**ખાનપાન**

આર્યસમાજના સંસ્થાપકને એક તરફ પાખંડીઓ અને વિભિન્ન સંપ્રદાયોના વેદવિરુદ્ધ વિચારો સામે ટક્કર લેવી પડતી હતી, તો બીજી તરફ 'ચોકા-ચૂલામાં જ ધર્મ રહેલો છે' એવું માનનારાઓની સંકીર્ણતા વિરુદ્ધ પણ લડવું પડતું હતું. હિંદુઓનો ધર્મ કેવળ ચોકા-ચૂલાની મર્યાદા જાળવવામાં જ સમેટાઈ ગયો હતો. આ વિષે પૂના-પ્રવચનમાં ઋષિ દયાનંદે કહ્યું હતું : "આજે ઘાસનું તણખલું તોડવામાં વાર લાગે છે, પરંતુ આપણો ધર્મ તૂટવામાં વાર લાગતી નથી. ચોટલીને ગાંઠ ન વાળો તો ધર્મ ગયો. લાંબું અંગરખું પહેર્યું તો ધર્મ ગયો. ખાવા-પીવામાં તો મોટો બખેડો ઊભો કરી દીધો છે. આ ખાવા-પીવાની વસ્તુઓએ તો વીરોને કાયર બનાવી દીધા છે, અને ચોકો લગાવીને બેઠાં બેઠાં આપણી બધી ઉત્તમતા પર પણ ચોકો લાગી ગયો છે. પ્રાચીન સમયમાં બધા ક્ષત્રિય રાજાઓ અને બ્રાહ્મણ, ઋષિ વગેરે એક જ શાલા (સ્થાન)માં ભોજન કરતા હતા... બ્રાહ્મણ લોકો છુત-અછૂતનો ઢોંગ રચે છે, પરંતુ તે ઢોંગ હિંગ અને સાકર વગેરે પદાર્થોનું સેવન કરતી વખતે ક્યાં ચાલ્યો જાય છે ? જો એમ કહો કે દોષ તો ફક્ત નજરે જોવાનો જ લાગે છે, તો જે વસ્તુ નજરે જોવામાં ન આવે તેનો દોષ ન લાગતો હોય તો ભૂલથી જો ભાંગ પી લેવામાં આવે તો શું નશો નહિ કરે ?" (૧૧મું પ્રવચન)

ઋષિએ સત્યાર્થપ્રકાશમાં ભક્ષ્યાભક્ષ્યનાં કારણો અને પરિણામો પર ખૂબ જ વિસ્તારથી પ્રકાશ ફેંક્યો છે. એક સ્થાને તેમણે લખ્યું છે : "પાખંડી લોકો એમ સમજે છે કે જો આપણે તેમને વિદ્યા ભણાવીશું અને દેશાંતરમાં જવાની આજ્ઞા આપીશું, તો એ લોકો બુદ્ધિમાન બનીને આપણી પાખંડજાળમાં નહિ ફસે અને આપણી પ્રતિષ્ઠા અને જીવિકાનો નાશ કરવામાં કારણભૂત થશે. એવી ગેરસમજને લઈને તેઓ ભોજન-છાદન આદિમાં બખેડા નાખે છે કે જેથી કોઈ પરદેશમાં ન જઈ શકે. હા, એટલું તો અવશ્ય હોવું જોઈએ કે મદ્ય અને માંસનું ગ્રહણ ભૂલથી પણ ન કરવું જોઈએ." (સમુ.૧૦)

ખાનપાન વિષે ઋષિ દયાનંદે આ પ્રમાણે મંતવ્યો પ્રસ્તુત કર્યા છે -

● ભક્ષ્ય અને અભક્ષ્યનો વિચાર બે રીતે થઈ શકે છે : (૧) ધર્મશાસ્ત્રની રીતે અને (૨) વૈદ્યક શાસ્ત્રની રીતે.

● જે ભક્ષ્ય હિંસા, ચોરી, વિશ્વાસઘાત, છળ-કપટ વગેરે કરીને મેળવ્યું હોય તેને અભક્ષ્ય ગણવું, અને જેમાં હિંસા આદિ ન કરવાં પડે તથા પવિત્ર ક્રિયાથી જે મેળવી શકાય તેને ભક્ષ્ય સમજવું.

● જેનાથી આરોગ્ય, રોગનાશ, બુદ્ધિ, બળ, પરાક્રમ અને આયુષ્યની વૃદ્ધિ થાય તેવા ઘઉં, ચોખા, ફળ, મૂળ, કંદ, દૂધ, ઘી, મીઠાઈ અને ઉત્તમ પાક એ બધા પદાર્થો ભક્ષ્ય ગણાય છે. એ બધા પદાર્થોનો સમયને અનુસરી યોગ્ય રીતે ઉપયોગ કરવો અને મિત-આહાર કરવો.

● જે પદાર્થો પોતાની પ્રકૃતિથી પ્રતિકૂળ હોય અને શરીરમાં બગાડ ઉત્પન્ન કરે એવો હોય તે પદર્થોનો ત્યાગ કરવો, અને જે પોતાના આરોગ્યને અનુકૂળ હોય તેવા પદાર્થોને ભક્ષ્ય ગણીને ઉપયોગમાં લેવા.

● જે વસ્તુ બુદ્ધિનો નાશ કરે છે એવી વસ્તુનું કદી પણ સેવન કરવું નહીં. ગાંજા, મદ્ય, ભાંગ, અફીણ વગેરે પદાર્થો આ દૃષ્ટિએ ત્યાજ્ય છે.

● કોઈનું એઠું ખાવું નહીં. કોઈના ભોજનની વચ્ચમાં ખાવું નહીં. અધિક ભોજન ન કરવું અને એઠા હાથે તથા એઠે મોઢે ઊઠીને ક્યાંય બહાર જવું નહીં.

● કોઈપણ આર્ય શુદ્ધતાથી બનાવે તો તેના હાથનું ખાવામાં કશી પણ હાનિ નથી. કારણ કે બ્રાહ્મણ સ્ત્રી અથવા પુરુષ

**આર્યસમાજની માન્યતાઓ**

**લેખક : ગજાનંદ આર્ય ૨૧ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ**

રસોઈ બનાવવાના, ચોકો કરવાના અને વાસણ માંજવાં આદિના બખેડામાં પડી રહે, તો વિદ્યા આદિ શુભ ગુણોની વૃદ્ધિ કદી પણ થઈ શકે નહીં.

● મદ્ય અને માંસ ખાનારાઓના હાથનું ખાવામાં આર્યોને પણ મદ્ય-માંસ આદિ ખાવાપીવાનો અપરાધ પાછળથી લાગુ પડે છે, પણ આર્યો અરસપરસ સહભોજન કરે એમાં કોઈપણ જાતનો દોષ દેખાતો નથી.

● મદ્ય તો કથન માત્ર જ એઠું થાય છે. પરંતુ એ બહુવિધ ઔષધિઓનો સાર હોવાથી ખાવું જોઈએ.

મહર્ષિ દયાનંદે એક 'ગૌકરુણાનિધિ' નામનું નાનું પુસ્તક પણ લખ્યું છે, જેમાં ગાય જેવાં પશુઓની ઉપયોગિતા અને સુરક્ષા પર જોર આપવામાં આવ્યું છે. આ જ પુસ્તકમાં તેમણે માંસાહાર અને મદ્યપાનના વિરોધમાં વિસ્તૃત ચર્ચા કરી છે. મદ્યપાન વિષે તેમણે લખ્યું છે :

"મનુષ્યને મદ્યનું સેવન કરવાથી નશો ચઢે છે અને નશાને લીધે નષ્ટબુદ્ધિ થઈ ન કરવાનું કરી બેસે છે અને કર્તવ્યને ત્યજી દે છે. ન્યાયને સ્થાને અન્યાય અને અન્યાયના સ્થાને ન્યાય આદિ વિપરીત કર્મો કરે છે. મદ્યનું નિર્માણ વિકૃત પદાર્થોમાંથી થતું હોય છે. મદ્યનું સેવન કરનારી વ્યક્તિ માંસાહારી પણ અવશ્ય થઈ જાય છે. આત્મામાં વિકારો ઉત્પન્ન થઈ જાય છે. મદ્યનું સેવન કરનાર માણસ વિદ્યાદિ શુભ ગુણોથી રહિત થઈ અનેક દોષોનો શિકાર બને છે. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ફળથી વંચિત રહી પશુની માફક આહાર, નિદ્રા, ભય, મૈથુન આદિ કર્મોમાં પ્રવૃત્ત રહી મનુષ્ય જન્મને વેડફી નાખે છે. માટે નશો કરનારા મદ્ય આદિ પદાર્થોનું સેવન ન કરવું જોઈએ. ભાંગ, તમાકુ આદિ પદાર્થો પણ માદક છે, તેનું સેવન કરવાથી બુદ્ધિનો નાશ થાય છે અને પ્રમાદ, આળસ અને હિંસક પ્રવૃત્તિ બનતી જાય છે. માટે મદ્યપાનની માફક આ બધા પદાર્થો પણ ત્યાજ્ય જ સમજવા."

> **ભાંગ, તમાકુ આદિ પદાર્થો પણ માદક છે, તેનું સેવન કરવાથી બુદ્ધિનો નાશ થાય છે અને પ્રમાદ, આળસ અને હિંસક પ્રવૃત્તિ બનતી જાય છે.**
> **ભક્ષ્યાભક્ષ્ય વિષેના સ્વામી દયાનંદના વિચારો આર્યસમાજના પક્ષને પૂરી રીતે પ્રસ્તુત કરે છે.**

ભક્ષ્યાભક્ષ્ય વિષેના સ્વામી દયાનંદના વિચારો આર્યસમાજના પક્ષને પૂરી રીતે પ્રસ્તુત કરે છે.

**સોમરસ**

વૈદિક સાહિત્યમાં સોમનો મહિમા ખૂબ જ ગાવામાં આવ્યો છે. આ શબ્દ ગુણવાચક છે. પરમાત્માનું એક નામ સોમ છે, કારણ કે સર્વનો ઉત્પાદક અને સર્વને આનંદ તથા ઐશ્વર્ય પ્રદાન કરનાર છે. સર્વને સન્માર્ગ તરફ પ્રેરણા કરવાવાળો ઈશ્વર સોમ છે. ચંદ્ર દ્વારા શીતળતા અને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે, આથી ચંદ્રને પણ સોમ કહેવામાં આવ્યો છે.

કઠોર પરિશ્રમ કરવાથી જે પેદા થાય છે તેને પણ સોમ કહેવામાં આવે છે. ઉત્પન્ન કરવાની ભાવનાને અગ્નિ કહેવામાં આવે છે, અને જે પ્રદાર્થ ઉત્પન્ન થાય છે તેને સોમ કહેવામાં આવે છે. પદાર્થ-પ્રાપ્તિની પ્રક્રિયામાં જે શુષ્કતા આવી જાય છે એ શુષ્કતા પદાર્થ પ્રાપ્ત થઈ જાય પછી આર્દ્રતામા ફેરવાઈ જાય છે. આથી વિદ્યા અને ચરિત્ર સંપન્ન સ્નાતકનું નામ પણ સોમ છે. સોમનો અર્થ છે : આનંદપ્રદાતા, શીતળતા પ્રદાન કરનાર, આર્દ્રતા અને બુદ્ધિ પ્રદાન કરનાર. આવા ગુણ જે વનસ્પતિમાં જોવા મળે છે તે વનસ્પતિના રસને પણ 'સોમરસ' કહેવામાં આવે છે. આપણા ઋષિમુનિઓ આવા પ્રકારનો સોમરસ ઉત્પન્ન કરીને તેનું સેવન કરતા હતાં. સમયની સાથે સાથે સુશ્રુત આદિની શલ્ય-ચિકિત્સા અને ઔષધ-નિર્માણની કળા ક્ષીણ થતી ગઈ. સોમરસ જેવા પવિત્ર પેય પદાર્થની કલ્પના સુરાની સાથે જોડી દીધી. સોમરસ મજાકનો શબ્દ બની ગયો. હકીકતમાં આ બંને શબ્દો - સોમ અને સુરા વિરુદ્ધ અર્થ ધરાવતા શબ્દો છે, પરંતુ લૌકિક જગતમાં એ પર્યાય મનાવા માંડ્યા.

શતપથની એક કંડિકામાં સોમ અને સુરાનો ભેદ બતાવવામાં આવ્યો છે -

**સત્યં યશઃ શ્રીર્જ્યોતિઃ સોમઃ ।**
**અનૃતમ્ પાપ્મા તમઃ સુરા ।।** **- શતપથ(૫-૧૨-૧૦)**

અર્થાત્ સોમ સત્ય છે, યશ છે, શ્રી છે, જ્યોતિ છે, જ્યારે તેનાથી ઊલટું સુરા અનૃત છે, પાપ છે, અંધકાર છે. સોમ દ્વારા શરીરમાં બળ, વીર્ય, આર્દ્રતા અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે, જ્યારે સુરા મનુષ્યને વિવેકહીન બનાવે છે, શરીરમાં રહેલા બળને ઉદ્દીપ્ત માત્ર કરે છે. એનાથી નવું બળ ઉત્પન્ન થતું નથી. સુરા આત્મહત્યારી વસ્તુ છે. તે શરીરને ક્ષીણતા તરફ દોરી જાય છે. આર્યોનું ચિંતન, મનન અને ખાનપાન બધું જ હંમેશાં સોમ રહ્યું છે. આજે જે રીતે અમૃતવર્ષા, અમૃતપાન, અમૃતવચન વગેરે શબ્દોનો પ્રયોગ થાય છે, એવી જ રીતે સોમરસના મહત્ત્વનો ઉલ્લેખ આર્ષગ્રંથોમાં અનેક સ્થાને કરવામાં આવ્યો છે. સોમ સરોવરમાં ડૂબકી લગાવનારા આપણા પૂર્વજ આર્યો સોમરસનું પાન કરતા હતા. એ સોમરસ શરાબ કે સુરા કદાપિ ન હતો. આ તો ઈતિહાસને વિકૃત કરનારા ચાલાક લોકોએ સોમરસને સુરા કહીને પ્રલાપ કર્યો છે.

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફસ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.
ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com

# દરેક ગૃહસ્થીએ પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ : શ્રી ચંદ્રેશજી આર્ય

પંચવટી

શ્રીમતિ કંકુબેન રામજી હરદાસ વાડીયા પરિવાર 'પંચવટી ફાર્મ' શિરવા ખાતે શ્રીમતિ વર્ષાબેન કલ્પેશભાઈ વાડીયાના સીમન્નતોનયન પ્રસંગે ગાંધીધામ નિવાસી વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વૈદિક સત્સંગનો કાર્યક્રમ યોજવામાં





આવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત ઈશ્વરરીય ભજનથી કરવામાં આવી હતી. સુશ્રી જાગૃતિ વાડીયા અને સુશ્રી કીંજલ વાડીયા દ્વારા ભજનની પ્રસ્તુતી કરવામાં આવી હતી.

ત્યાર બાદ શ્રી ચંદ્રેશજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ભારત દેશની વિચિત્ર આધ્યાત્મિકતા વિશે પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, ભારતમાં સૌથી વધુ સમય,શક્તિ અને સંપત્તિનો પ્રયોગ ધાર્મિક કાર્યો માટે થાય છે. છતાં ભારત દેશ દરિદ્ર અને દુઃખી છે. એ માટેના કારણો જાણવા જરૂરી છે. આટલા બધાં ધાર્મિક પ્રસંગો, કથાઓ, સત્સંગોનું આયોજન થવા છતાં માનવોમાં ધાર્મિકતાઓ અભાવ છે. સાચો ધાર્મિક માનવ સાચા કાર્યો દ્વારા સુખી શાંત અને પ્રસન્ન હોય છે. શ્રી ચંદ્રેશજીએ દાર્શનિક દ્રષ્ટિકોણથી ત્રણ પ્રકારના નાસ્તિકોની પરિભાષા ઉદાહરણ સહિત સમજાવી હતી. કર્મની પ્રાધાન્યતા વિશે સમાજાવતાં તેમણે કહ્યું હતું કે, આપણા દરેક કાર્યમાં ઈશ્વરને સાથે રાખવાથી આપણે પાપરૂપી કર્મોથી બચી શકીએ છીએ. માટે વૈદિક દ્રષ્ટિએ દરેક માનવે દર કલાકે ઈશ્વર મને જોઈ, સાંભળી અને જાણી રહ્યો છે એ વાક્યનું ઉચ્ચારણ કરવું જોઈએ. અને પાપોથી બચવા પ્રત્યેક ક્ષણ દરેક માનવે સ્વયં એકલો છે એ અનુભૂતિને ભૂલાવીને એવી અનુભૂતિ કરવી જોઈએ કે એક ઈશ્વર પ્રત્યેક ક્ષણે-ક્ષણે અમારી સાથે છે. જ્યારે આવા પ્રકારની અનુભૂતિનો અનુભવ થશે ત્યારે જ વ્યક્તિ પાપરૂપી કર્મોથી બચી શકશે. પરિણામે દુઃખોથી બચી સુખને પ્રાપ્ત કરશે. માટે વૈદિક માનવીએ ઈશ્વર સર્વ-વ્યાપક છે એ અનુભૂતિ ને કેવળ શાબ્દિક રીતે નહીં પણ વ્યવહારિક રીતે અનુભૂતિ કરવી જોઈએ.

શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે, આપણે માત્ર શાબ્દિકરૂપે જ ઈશ્વરને પ્રાપ્ત કરવાનો કે સુખી થવાનો પ્રયત્ન કરીએ છીએ પણ શબ્દો કેવળ સાધન છે. સાધન તો સાધ્ય સુધી પહોંચવાનો માર્ગ છે.

કાર્યક્રમના ઉત્તરાર્ધ ભાગમાં ગૃહસ્થાશ્રમના પંચયજ્ઞો વિશે પ્રકાશ પાડતાં શ્રી ચંદ્રેશજીએ બ્રહ્મયજ્ઞ અને દેવયજ્ઞ અગ્નિહોત્ર વિશે વૈજ્ઞાનિક અભિગમથી સમજણ આપી હતી. જે વ્યક્તિ બ્રહ્મયજ્ઞ અને દેવયજ્ઞ નથી કરતો તે વ્યક્તિ ઈશ્વર કૃપાને પાત્ર નથી થતો. માટે દરેક ગૃહસ્થીએ પ્રત્યેક દિન ઈશ્વરોપાસના માટે બંને સમય સંધ્યા-ઉપાસના કરવી જોઈએ અને અગ્નિહોત્ર વગર ભોજન પણ ન કરવું જોઈએ કારણ કે આ ઈશ્વરરીય વૈદિક આજ્ઞા વગર ઈશ્વરની કૃપા પાત્ર ન થવાય. માટે દરેક ગૃહસ્થીએ પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ.

કાર્યક્રમમાં આર્યસમાજ માંડવીના પદાધિકારી શ્રી લખમશી હરદાસ વાડીયા પરિવાર આર્ય ફાર્મ, શિરવાથી ખાસ પધાર્યા હતા. અંતમાં શ્રી કિર્તીચંદ્ર વાડીયા શાસ્ત્રીએ આભાર વિધી કરી સૌનો આભાર માન્યો હતો. તેમણે આ સાથે ચંદ્રેશજીઓ પણ વિશેષ આભાર માન્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે વાડીયા પરિવારના શ્રીમતી નયના વાડીયા, સુશ્રી ચાંદની વાડીયા, નિતીન વાડીયા, સુરેશ વાડીયા અને શ્રી વિજય વાડીયાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ, બોરીવલી દ્વારા પાટીદાર વાડી ખાતે

# 'યજ્ઞ ચિકિત્સા'નો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ, બોરીવલી દ્વારા આયોજીત 'યજ્ઞ ચિકિત્સા'નો એક કાર્યક્રમ તાજેતરમાં શ્રી કચ્છી પાટીદાર વાડી ખાતે યોજાઈ ગયો.

'યજ્ઞ ચિકિત્સા' એટલે કે યજ્ઞ દ્વારા રોગ મુક્તિ. 'યજ્ઞ ચિકિત્સા' કાર્યક્રમનાં મુખ્ય વક્તા ડૉ. તારાસિંગ આર્ય હતાં જેઓ એમ.ડી.(એ એમ) આયુર્વેદ રત્ન છે અને જેમણે યજ્ઞ ચિકિત્સા ઉપર પી.એચ.ડી. કરેલું છે. તેઓ મીરા રોડ ઉપર વૈદિક આરોગ્ય કેન્દ્ર પણ ચલાવી રહ્યા છે.

આ કાર્યક્રમની શરુઆત યજ્ઞથી કરવામાં આવી હતી. આ યજ્ઞમાં અસ્થમાના, કેન્સરના, સર્વાઈકલના તેમજ અન્ય રોગોના દર્દીઓને બેસાડવામાં આવ્યા હતા જેથી તેમને યજ્ઞનો અનુભવ થાય અને તકલીફમાં રાહત થાય. ડૉ. તારસિંગ આર્યએ યજ્ઞ વૈદિક મંત્રોચ્ચાર સાથે કરાવ્યો હતો અને દરેક મંત્રોના અર્થ પણ સમજાવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વેદના મંત્રો એ ઈશ્વરની વાણી છે. તેમણે જણાવ્યું હતું કે, યજ્ઞની સાથે સાથે આપણે જો પ્રાણાયામ કરીએ તો યજ્ઞમાં નાંખેલું ગાયનું ઘી અને ઔષધીઓ તથા જડીબુટ્ટીઓ આપણાં ફેફસામાં જાય છે અને ફેફસાથી આપણાં હ્રદયમાં રક્ત સંચાર થાય છે. જે આપણાં પુરા શરીરમાં પહોંચે છે. જે ઈન્જેક્શન કરતાં પણ વધુ ઝડપી અસર કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યજ્ઞની સાથે સાથે પ્રાણાયમ કરવાથી અનેક જટીલ રોગો દૂર થાય છે યજ્ઞ બાદ પોતાના પ્રવચનમાં તેમણે 'યજ્ઞ ચિકિત્સા' બાબતે સમજાવતાં કહ્યું હતું કે, યજ્ઞ એ સર્વશ્રેષ્ઠ કર્મ છે. તે ૠષિઓની દેન છે. યજ્ઞ કરવાથી રોગો તો દૂર થાય છે જ પરંતુ પરિવાર અને આસપાસમાં રહેતા લોકોને અને પ્રાણીમાત્રને પણ આનો લાભ મળે છે. યજ્ઞની અગ્નિથી રોગના જીવાણુંઓનો નાશ થાય છે તેમજ પર્યાવરણની શુદ્ધિ પણ થાય છે. આનો પરિણામે આપણને શુદ્ધ પ્રાણવાયુ પણ મળે છે. અત્યાર સુધીમાં તેમણે યજ્ઞ ચિકિત્સાના માધ્યમથી ઘણાં બધા રોગો ઉપર કાબુ મેળવ્યો છે.

યજ્ઞની સાથે સાથે ડૉ. તારસિંગ આર્યએ બહેનોને વિશેષ આહાર બાબતે સજાગ રહેવા જણાવ્યું હતું. તેમણે રસોઈમાં માટીના વાસણોનો વધુને વધુ વપરાશ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે માટીના વાસણમાં રસોઈ બનાવવાથી તેમાં રહેલા તત્વો સચવાઈ રહે છે. પૂરા પરિવારનું સ્વાસ્થ્ય મહિલાઓના હાથમાં છે અને તેથી જ મહિલાઓએ જાગૃત થવાની જરૂર છે. કાર્યક્રમના અંતમાં ડૉ. તારસિંગ આર્યએ સ્વાસ્થ્ય સંબંધીત પ્રશ્નોત્તરીના ઉત્તરો આપ્યા હતા.

**ડૉ. તારાસિંગ આર્ય કે જેઓ એમ.ડી.(એ એમ) આયુર્વેદ રત્ન છે તેમણે યજ્ઞ ચિકિત્સા ઉપર પી.એચ.ડી. કરેલું છે.**

'યજ્ઞ ચિકિત્સા'ના આ કાર્યક્રમની સાથે સાથે યોગ પ્રશિક્ષક સુશ્રી અરુણાબેન પ્રેમજીયાણી દ્વારા હાજર રહેલી બહેનોને પ્રાણાયામનું પ્રશિક્ષણ પણ આપ્યું હતું.

આ કાર્યક્રમમાં બોરિવલી, દહીંસર, કાંદિવલી, મીરાં રોડ અને ઘાટકોપરથી વૈદિક પ્રેમી લોકો પધાર્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ રૂપે ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ સર્વશ્રી જેન્તીભાઈ પરવાડીયા, શ્રી હંસરાજભાઈ વાસાણી તેમજ બોરિવલી સમાજના આગેવાનો શ્રી હિરાલાલભાઈ ભાવાણી, શ્રી માધવજીભાઈ પોકાર, શ્રી દેવશીભાઈ લીંબાણી, શ્રી જેન્તીભાઈ પ્રેમજીયાણી અને પરેશભાઈ પ્રમજીયાણી ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. તારાસિંગના આમંત્રણને માન આપીને ચિત્રલેખાના પ્રતિનિધિ શ્રી પ્રકાશભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પાટીદાર મહિલા મંડળ બોરિવલીના પ્રમુખ શ્રીમતી વનિતાબેન છાભૈયાએ ડૉ. તારાસિંગ આર્ય તથા ચિત્રલેખાના પ્રતિનિધિ શ્રી પ્રકાશભાઈનું સ્વાગત કર્યું હતું. અંતમાં મહિલા મંડળના શ્રીમતી શાંતાબેન પરવાડીયાએ આભાર વિધિ કરી હતી.

## ફોટો ગેલેરી

## આર્ય પરિવાર સ્નેહ મિલન



તાજેતરમાં આર્યસમાજ, સુરેન્દ્રનગર દ્વારા સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહ મિલન સમારોહમાં લગભગ ૨૦૦ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સાંસદ શ્રી શંકરભાઈ વેગડ, ધારાસભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી, સુરેન્દ્રનગર પાલિકાના પ્રમુખ શ્રી બિપીનભાઈ ટોળીયા, કરમોરા ગૃપના શ્રી પ્રકાશભાઈ વરમોરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલ ખાતે યોજાયેલી

# ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં ૨૭ ગોલ્ડ મેડલ્સ સાથે આણંદની ટીમ પ્રથમ

ગાંધીનગર

ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલમાં તાજેતરમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાનાં ૪૬૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.




ઉદ્ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે રોટરી ક્લબ ઓફ કપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ સહિત રોટેરીયન ડૉ. અંકુર પરમાર પણ ઉપસ્થિત રહ્યાં હતા. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ સ્પર્ધા ખુલ્લી મુકવાની ઘોષણા કરી હતી. સવારથી જ એક સાથે સાત રીંગમાં ખેલાડીઓએ પોતાનું કૌવત દેખાડવાનું શરૂ કરી દીધું હતું. આ સ્પર્ધામાં સૌથી વધુ ૨૭ ગોલ્ડ મેડલ્સ મેળવી આણંદ જિલ્લાની ટીમ પ્રથમ સ્થાને રહી હતી. જ્યારે પોરબંદર જિલ્લાની ટીમ ૧૫ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય અને ગાંધીનગરની ટીમ ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે તૃતીય સ્થાને રહી હતી. સ્પર્ધાના સમાપન પ્રસંગે રોમાંચક ફાઈનલ ફાઈટ્સ બાદ ઉપસ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં રીજીયોનલ ડાયરેક્ટર શ્રી આર. કે. નાયડુ, ગુજરાત રાજ્યનાં પૂર્વ પોલીસ વડા તથા કરાટે એસોસીએશનનાં સંરક્ષક શ્રી પી. કે. બંસલ, ચેરમેન શ્રી રાજેશ અગ્રવાલ, ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદ રાણા વગેરે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ટીમને તથા રનર્સ-અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## અભિનંદન

**અગ્નિપથના વાચક વર્ગને ફેલાવવામાં પ્રસંશનીય સહયોગ કરતાં પોરબંદર આર્યસમાજના મંત્રી શ્રી ધનજીભાઈ આર્યના સુપુત્ર ચિ. અનિલ આર્ય આગામી તા. ૪થી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ શ્રી રમેશભાઈ ગોહેલની સુપુત્રી ચિ. અંજલી સાથે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી રહ્યા છે. અગ્નિપથ પરિવાર તરફથી તેમને આ પ્રસંગે ખૂબ ખૂબ શુભકામના..........**

# સંતશ્રી ઓધવરામ ગુરુકુલ ભવાનીપરના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા વૈદિક ધર્મનો દ્વારકામાં પ્રચાર

સંતશ્રી ઓધવરામ ગુરુકુલ, ભવાનીપરના આચાર્ય સ્વામી શાંતાનંદજીએ તાજેતરમાં જ દ્વારકા ખાતે શ્રી યોગેશજી આર્ય સાથે પ્રચાર યાત્રા સંપન્ન કરી હતી. આ પ્રચાર યાત્રામાં સ્વામીજીએ ટાટાના મીઠાપુર ખાતે શ્રી ભરતભાઈ દ્વારા આયોજીત એક સત્સંગમાં મુખ્ય વક્તા તરીકે હાજર રહી ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં કરતાં કેવી રીતે ઈશ્વરની સમીપ જઈ શકાય તે વિવિધ રોચક ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું.

ત્યાર બાદ સ્વામીજીએ દ્વારકા સ્થિત સાંદિપની આશ્રમની મુલાકાત લીધી હતી.સાંદિપની આશ્રમના સંચાલક શ્રી ઓઝાજી સાથેની મુલાકાત દરમ્યાન અનેક વિષયો પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, અમારા મંદિરમાં પણ વેદ-ભગવાન પ્રતિષ્ઠિત છે. જ્યારે તેમના શિષ્યો દ્વારા તેમને વેદના દર્શન કરાવવામાં આવ્યા ત્યારે તે વેદ એક કાંચની પેટીમાં બંધ હતા અને વેદની જગ્યાએ ભાગવતનું જ્ઞાન આપવામાં આવી રહ્યું હતું.

ત્યાર બાદ સ્વામીજીએ દ્વારકાધીશ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરના ટ્રસ્ટી શ્રી હરિભાઈએ સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. સ્વામીજીએ શ્રી હરિભાઈને વૈદિક સાહિત્ય ભેંટ આપ્યું હતું



અગ્નિપથ

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com